# પ્લાસ્ટિકની ચલણી નોટનો ભારતનો નિર્ણય, પણ એટીએમ અને નોટ ગણવાના મશીન બદલવા પડશે

કોઈપણ દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ તેનું ચલણ હોય છે. સમય બદલાવાની સાથે ચલણનું સ્વરૂપ પણ બદલાતું રહ્યું છે. પ્રાચીન સમયના સિક્કાઓથી લઈને કાગળની નોટો અને આજના ડિજિટલ યુગમાં યુપીઆઈ સુધી. પરંતુ રોકડ વ્યવહારોની અનિવાર્યતા વચ્ચે હવે ભારતીય ચલણ વ્યવસ્થા એક મોટા અને ઐતિહાસિક પરિવર્તનની ઉંબરે આવીને ઊભી છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા તાજેતરમાં જ પ્લાસ્ટિક (પોલિમર) નોટો છાપવા માટે જરૂરી ‘ઓપેસિફાઇડ પોલિમર સબસ્ટ્રેટ શીટ્સ’ ના ઉત્પાદન અને પુરવઠા માટે વૈશ્વિક ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ પગલું માત્ર એક પ્રક્રિયાગત ફેરફાર નથી, પરંતુ દેશની અર્થવ્યવસ્થા, ચલણની ટકાઉપણું અને નકલી નોટો સામેની લડાઈમાં એક ક્રાંતિકારી વળાંક સાબિત થઈ શકે છે.

શરૂઆતમાં રૂ. ૧૦ અને રૂ. ૨૦ ની નાની કિંમતની નોટોથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ થનારી આ યોજના ૨૦૨૭ સુધીમાં પૂર્ણ સ્તરે અમલમાં આવવાની ધારણા છે. આ આધુનિકીકરણ સમયની માંગ છે અને તેની પાછળના આર્થિક તથા વ્યાવહારિક પાસાઓ ઊંડાણપૂર્વક સમજીએ.

વર્ષોથી આપણે જે કાગળની નોટોનો ઉપયોગ કરીએ છીએ તે વાસ્તવમાં શુદ્ધ કાગળ નથી હોતી, પરંતુ તેમાં કપાસના રેસાનો મોટો હિસ્સો હોય છે. તેમ છતાં, ભારત જેવા વિશાળ, ગીચ વસ્તી ધરાવતા અને વૈવિધ્યસભર આબોહવાવાળા દેશમાં કાગળની નોટોનું આયુષ્ય ખૂબ જ મર્યાદિત રહે છે. નાની મૂલ્યની નોટો (જેમ કે ૧૦, ૨૦, ૫૦) સામાન્ય લોકોના હાથમાં વારંવાર ફરે છે. શાકભાજીની રેકડીઓથી લઈને નાના વેપારીઓ સુધીના દૈનિક વ્યવહારોમાં આ નોટો પાણી, ગંદકી, પરસેવો અને વારંવારના ફોલ્ડિંગને કારણે ઝડપથી ફાટી જાય છે અથવા મેલી થઈ જાય છે. દર વર્ષે ખરાબ થયેલી લાખો-કરોડો નોટોને ચલણમાંથી બહાર કરી તેનો નાશ કરવો પડે છે અને તેની જગ્યાએ નવી નોટો છાપવી પડે છે. આ પ્રક્રિયા આરબીઆઈ માટે અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. માહિતી મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં ચલણી નોટો છાપવાનો ખર્ચ વધીને રૂ. ૬,૩૭૨ કરોડની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો હતો. નોટોના વારંવારના બગાડને રોકવો એ દેશના આર્થિક હિતમાં અનિવાર્ય બન્યું છે.

પ્લાસ્ટિક અથવા પોલિમર નોટો એ કોઈ પ્રયોગાત્મક વિચાર નથી, પરંતુ વૈશ્વિક સ્તરે સફળ સાબિત થયેલી ટેક્નોલોજી છે. હાલમાં વિશ્વના ૬૦ થી વધુ દેશો પોલિમર નોટોનો ઉપયોગ કરે છે, જેમાં ઓસ્ટ્રેલિયા આ ટેક્નોલોજી અપનાવનાર પ્રથમ દેશ હતો. ત્યારબાદ કેનેડા, સિંગાપોર, મલેશિયા અને યુનાઇટેડ કિંગડમ જેવા દેશોએ તેને આંશિક કે પૂર્ણ રૂપે અપનાવી છે. ભારત માટે એટલે ફાયદાકારક છે, કારણ કે પોલિમર નોટો કાગળની નોટો કરતા સરેરાશ ૩ થી ૫ ગણું વધુ આયુષ્ય ધરાવે છે. તે પાણી પ્રતિરોધક અને ગંદકી પ્રતિરોધક હોય છે. જો તેના પર ભૂલથી ચા, કોફી કે પાણી ઢોળાય, તો પણ તેને સરળતાથી લૂછીને સાફ કરી શકાય છે. ભારતની ભેજવાળી અને ગરમ આબોહવામાં આવી નોટો લાંબો સમય સુધી સુરક્ષિત રહેશે. ભારત સામે નકલી નોટોનું દૂષણ અને ટેરર ફંડિંગ હંમેશા એક મોટો પડકાર રહ્યા છે. પોલિમર શીટ્સ પર છાપકામ કરવાની પ્રક્રિયા જટિલ હોય છે અને તેમાં અત્યંત અદ્યતન સુરક્ષા સુવિધાઓ જેવી કે પારદર્શક વિન્ડોઝ, હોલોગ્રામ અને વિશેષ ઓપ્ટિકલ ઇન્કનો સમાવેશ કરી શકાય છે. સામાન્ય ગુનેગારો કે નકલી નોટોના નેટવર્ક માટે આવી આધુનિક પ્લાસ્ટિક નોટોની આબેહૂબ નકલ તૈયાર કરવી લગભગ અશક્ય બની જશે.

શરૂઆતમાં પ્લાસ્ટિક નોટો છાપવાનો પ્રારંભિક ખર્ચ ચોક્કસપણે કાગળની નોટો કરતા વધુ હોઈ શકે છે. પરંતુ તેનું આયુષ્ય ઘણું લાંબુ હોવાથી, વારંવાર નવી નોટો છાપવાની જરૂરિયાત નહિવત થઈ જશે. લાંબા ગાળે આનાથી રિઝર્વ બેંકના હજારો કરોડ રૂપિયાના પ્રિન્ટિંગ ખર્ચની બચત થશે, જે આખરે દેશના અર્થતંત્રને જ મજબૂતી આપશે. કાગળની નોટો બેક્ટેરિયા અને વાયરસના ફેલાવા માટેનું મોટું માધ્યમ બને છે. પ્લાસ્ટિક નોટો બિન-છિદ્રાળુ હોવાથી તેના પર ગંદકી કે કીટાણુઓ ચોંટતા નથી, જેથી તે વધુ સ્વચ્છ રહે છે. વધુમાં, જ્યારે આ નોટો જૂની કે નકામી થાય, ત્યારે તેને રિસાયકલ કરીને અન્ય પ્લાસ્ટિક ઉત્પાદનો બનાવી શકાય છે, જે પર્યાવરણના દ્રષ્ટિકોણથી પણ હકારાત્મક બાબત છે. જો કે, પ્લાસ્ટિકની ચલણી નોટ બજારમાં ફરતી કરવાની સાથે જ અન્ય પણ અનેક પડકારો ઉભા છે. કારણ કે પ્લાસ્ટિક નોટોનું વજન, જાડાઈ અને પકડ કાગળની નોટો કરતાં અલગ હોય છે. આને કારણે દેશભરના લાખો એટીએમ મશીનો અને બેંકોના નોટ ગણવાના મશીનો બદલવા પડશે. તેઓ આ નવી પ્લાસ્ટિકની નોટ ગણી શકે તેવા બનાવવા પડશે. સરકાર ભલે પ્લાસ્ટિકની નોટ લાવે પરંતુ તેની સામે બેંકો અને ઉદ્યોગકારોને નોટ ગણવા માટે નવા મશીનો લેવા પડશે તે નક્કી છે.

# મંદિરોમાં ચોરી : આસ્થા પર ધાડ પડી છે!

અયોધ્યામાં રામ મંદિરમાં જે રીતે ચન્દા ચોરી અને જમીનના ગફ્લા થયા છે એ હજુ માનવામાં આવતા નથી. જ્યાં તમારી આસ્થા જોડાયેલી હોય ત્યાં આવું કૈંક બને તો ગળે ઊતરતાં વાર લાગે છે. પણ આઠ લોકોની ધરપકડ થાય અને બે મુખ્ય ટ્રસ્ટી રાજીનામું આપી દે એનો મતલબ છે કે, આ કોઈ નાનીસૂની ઘટના નથી. કોઈ બચાવ કરે કે વિરુદ્ધમાં વાત કરે પણ સત્ય લાંબો સમય છૂપું રહી શકતું નથી.

એસઆઈટી દ્વારા તપાસ દરમિયાન આશરે રૂ. ૮૦ લાખ રોકડ રકમ રિકવર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારની એસઆઈટી અને રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ પાસેથી આ મામલે સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. પણ આક્ષેપો તો એવા જ થઇ રહ્યા છે કે, મોટાં માથાંઓને બચાવવાની કોશિશ થઇ રહી છે. સુપ્રીમ કોર્ટે દખલ દીધી છે એ અને યુપી સરકાર કેવાં પગલાં લે છે એય રસપ્રદ બનવાનું છે, પણ અયોધ્યા બાદ બીજાં મંદિરોમાં પણ ચોરીની વાત બહાર આવી છે. બદ્રીનાથની સાથે સાથે કેદારનાથ મંદિરમાં પણ નાણાંકીય અનિયમિતતાના અહેવાલ સામે આવ્યા છે. સક્ષમ અધિકારીની મંજૂરી વગર મંદિરના ફંડમાંથી વીઆઈપી રોકાણ માટે પૈસા વાપરવામાં આવ્યા હતા, જે એક મોટી નાણાંકીય અનિયમિતતા ગણવામાં આવી છે. આ મામલે તત્કાલિન મેનેજર અને મુખ્ય અધિકારીઓની ભૂમિકા પર સવાલો ઊઠ્યા છે અને સરકારે કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે.

બદ્રીનાથ મંદિરમાં ચોરી મામલે મુખ્ય આરોપી પ્રમોદ નૌટિયાલની ધરપકડ બાદ, હવે મંદિર સમિતિના ખજાનચી સહિત ૪ અન્ય અધિકારીઓને પણ ફરજ પરથી દૂર કરવામાં આવ્યા છે. તપાસ ટીમો દ્વારા સીસીટીવી ફૂટેજ અને હિસાબી ચોપડાઓની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં સિલ્વર (ચાંદી)ના દાનના રેકોર્ડમાં પણ ચેડાં કર્યાં હોવાની શંકા છે.

ખબર નહિ, મંદિરોમાં ચોરી કરતાં કોઈનો જીવ કેમ ચાલતો હશે? મંદિરોમાં મુખ્યત્વે બે પ્રકારની ચોરીઓ જોવા મળે છે. આ ચોરીઓ મોટા ભાગે મંદિરનાં કર્મચારીઓ દ્વારા આંતરિક રીતે કરવામાં આવે છે. એમાં પ્રાચીન અને અષ્ટધાતુની મૂર્તિઓની ચોરીના બનાવો નોંધપાત્ર છે, જેનો ઉપયોગ ગેરકાયદેસર એન્ટિક માર્કેટમાં થાય છે.

સરકારી આંકડાની વાત કરીએ તો નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના રિપોર્ટમાં ‘ધાર્મિક સ્થળોએ ચોરી’ હેઠળ આંકડા નોંધવામાં આવે છે. ૨૦૨૪ ના રિપોર્ટ મુજબ, દેશભરમાં કુલ ૪૬૫ જેટલા કિસ્સાઓ નોંધાયા હતા.

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**જ્યાં તમારી આસ્થા જોડાયેલી હોય ત્યાં આવું કૈંક બને તો ગળે ઊતરતાં વાર લાગે છે**

મધ્યપ્રદેશમાં ભાજપમાં અસંતોષ

મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી મોહન યાદવ સામે જમીન ખરીદીના આક્ષેપો, ચોખા ખરીદીમાં ગોસમોસગોટાળાના વિવાદો તો ઊભા જ છે. હવે વરિષ્ઠ ભાજપ નેતા નરોત્તમ મિશ્રા અને પક્ષની ટિકિટ ફાળવણીને લઈને જે અસંતોષની સ્થિતિ સર્જાઈ છે.

નરોત્તમ મિશ્રા મધ્યપ્રદેશ ભાજપના સૌથી પ્રભાવશાળી અને અનુભવી નેતાઓમાં ગણાય છે. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં તેમની હાર બાદ, એવી ચર્ચાઓ શરૂ થઈ હતી કે તેમને રાજ્યના રાજકારણમાંથી ‘સાઈડલાઈન’ કરવામાં આવી રહ્યા છે. જ્યારે તેમની નજીકનાં લોકોને ટિકિટ ન મળી અથવા તેમને પૂછવામાં ન આવ્યું ત્યારે તેમના સમર્થકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ચર્ચા તો એવી હતી કે ભાજપનું નવું નેતૃત્વ (જેમાં મુખ્યમંત્રી મોહન યાદવ અને અન્ય નવા ચહેરાઓનો સમાવેશ થાય છે) જૂના દિગ્ગજોને બદલે નવી પેઢીને આગળ વધારવા માંગે છે, જેના કારણે નરોત્તમ મિશ્રા જેવી જૂની નેતાગીરીને એકતરફ કરવામાં આવી રહી હતી. સમર્થકોનું માનવું હતું કે મિશ્રા જેવો મજબૂત નેતા જે જાતિગત અને ક્ષેત્રીય સમીકરણો સંભાળી શકતો હોય, તેમને ટિકિટ ન આપવી એ પક્ષ માટે મોટું જોખમ હોઈ શકે છે.

આ અસંતોષ જ્યારે રસ્તા પર આવવાની સ્થિતિમાં પહોંચ્યો, ત્યારે મુખ્યમંત્રી મોહન યાદવ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યાં. મુખ્યમંત્રી મોહન યાદવે નરોત્તમ મિશ્રા સાથે રૂબરૂ મુલાકાત કરીને તેમને વિશ્વાસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. મધ્યપ્રદેશ ભાજપ હાઈકમાન્ડે નરોત્તમ મિશ્રાને સ્પષ્ટતા કરી હતી કે તેમની પક્ષમાં ભૂમિકા ઓછી નથી થઈ, પરંતુ તેમને અન્ય જવાબદારીઓ સોંપવામાં આવશે.

આ મુલાકાત બાદ નરોત્તમ મિશ્રા ઢીલા પડ્યા છે અને જાહેરમાં પક્ષના નિર્ણયને સ્વીકારવાની વાત કરી હતી, જેથી પાર્ટીમાં મોટા ભાગલા ન પડે.

આ ઘટના બાદ, ભાજપ દ્વારા તેમને સંગઠનાત્મક માળખામાં વધુ મહત્ત્વની જવાબદારીઓ આપવામાં આવી છે.વસુંધરા રાજેની સલાહ

રાજસ્થાન વિધાનસભાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજીત ‘અમૃત મહોત્સવ’ કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે દ્વારા બહુ મજાની સલાહ આપી હતી અને એ બધા રાજકારણીઓએ ગાંઠે બાંધવા જેવી છે. વસુંધરા રાજેએ આજની રાજનીતિમાં વધતી જતી કડવાશ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે નવાં ધારાસભ્યોને સલાહ આપતાં કહ્યું કે, “દુશ્મની જમકર કરો, લેકિન એક ખિડકી ખુલી રખો” જેથી ભવિષ્યમાં જો મિત્રતા થાય તો શરમ અનુભવવી ન પડે.

તેમણે જૂના સમયની રાજનીતિને યાદ કરતાં જણાવ્યું કે, પૂર્વ મુખ્યમંત્રી ભૈરોસિંહ શેખાવત અને કોંગ્રેસના દિગ્ગજ નેતા મોહનલાલ સુખડિયા વચ્ચે વૈચારિક મતભેદો હોવા છતાં તેમના વ્યક્તિગત સંબંધો ખૂબ સારા હતા. તેઓ એક જ પાનની દુકાને જતા હતા, જે દર્શાવે છે કે રાજકીય વિરોધ પોતાની જગ્યાએ છે પણ વ્યક્તિગત સન્માન સર્વોપરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે વિધાનસભાની અંદર સરકાર અને વિરોધ પક્ષ પોતપોતાની ભૂમિકા ભજવે છે, પરંતુ ગૃહની બહાર તમામ જનપ્રતિનિધિઓએ એક પરિવારની જેમ રહેવું જોઈએ અને પરસ્પર સન્માન જાળવવું જોઈએ.

કાર્યક્રમ દરમિયાન પૂર્વ વિરોધ પક્ષના નેતા રાજેન્દ્ર રાઠોડે વસુંધરા રાજેને જોઈને મજાકમાં કહ્યું કે, “ઘણાં વર્ષો પછી હું તમને આ ખુરશી પર બેઠેલા જોઈ રહ્યો છું... તમે આ ખુરશી પર ખૂબ સારાં લાગો છો,” જેનાથી આખા ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. આ રીતે બધાં રાજકારણીઓ વર્તે તો કેવું સારું!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# પંજાબ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ, કેન્દ્રીય નેતૃત્વની નિષ્ક્રિયતા

પંજાબના રાજકારણ પર નજર રાખનારા એક વિશ્લેષકે ચૂંટણી તરફ જઈ રહેલા આ રાજ્યને કોંગ્રેસ માટે એક સોનેરી તક ગણાવ્યું હતું, જેને પક્ષે પૂરી તાકાતથી ઝડપી લેવા માટે વ્યૂહરચના બનાવવી જોઈતી હતી. પરંતુ કોંગ્રેસના કેન્દ્રીય અને રાજ્ય સ્તરના નેતૃત્વ વચ્ચેના વિચારોમાં તાલમેળનો અભાવ અને ગેરવહીવટને કારણે સર્જાયેલી કટોકટીએ, આ વ્યૂહાત્મક રીતે મહત્ત્વના રાજ્યમાં કોંગ્રેસના સત્તા પર પાછા ફરવાનાં સપનાં પર પાણી ફેરવી દીધું છે.

બેઠાં-બેઠાં નવી મુશ્કેલીઓ કેવી રીતે ઊભી કરવી અને ઊભી થયેલી પરિસ્થિતિને વધુ ખરાબ કેવી રીતે કરવી? તે જાણે છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસની મુખ્ય ઓળખ બની ગઈ છે. પંજાબ કોંગ્રેસમાં હાલ ચાલી રહેલો આંતરિક વિખવાદ તેનું સૌથી મોટું ઉદાહરણ છે.

કોંગ્રેસના રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં એકમોમાં ચાલી રહેલો ભયંકર જૂથવાદ અને દિલ્હી સ્થિત અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC)ના દિશાહીન નેતૃત્વનો આ વિખવાદ રોકવામાં વારંવારની નિષ્ફળતાની પંજાબ પર ગંભીર અસર પડી છે. જે રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોંગ્રેસ આવી સમસ્યાઓનો સામનો કરી રહી છે, ત્યાં જૂથવાદ કરતાં પણ વધુ નુકસાન AICCના પદાધિકારીઓ અને પ્રભારીઓ દ્વારા અપાતા પ્રોત્સાહનને કારણે થયું છે, જેઓ વિવાદને વધુ ભડકવા દે છે.

એમાં કોઈ શંકા નથી કે જૂથવાદ પાછળ અન્ય કારણો પણ છે. પંજાબ અને જમ્મુ-કાશ્મીર બંનેમાં જોવા મળ્યું છે તેમ, રાહુલ ગાંધી માટે ચિંતાનો મુખ્ય વિષય એ હોવો જોઈએ કે જનરલ સેક્રેટરી (સંગઠન) અને પ્રભારીઓ સહિતના AICCના પ્રતિનિધિઓ પ્રદેશ કોંગ્રેસના અન્ય નેતાઓનાં મંતવ્યોને અવગણે છે અને વાસ્તવિક નિર્ણય લેતા નથી. તેમનો એક જ બંધિયાર જવાબ હોય છે કે જ્યાં સુધી રાહુલ ગાંધી આ નેતાઓને હટાવવાનો નિર્ણય ન લે, ત્યાં સુધી હાલના પ્રમુખોને જ પદ પર ચાલુ રહેવા દો.

પંજાબ અને જમ્મુ-કાશ્મીરની સ્થિતિને કટોકટી લાંબી ખેંચવાની આ ભયાનક નીતિ અને રાહુલ ગાંધીને સાચી જમીની હકીકતોથી દૂર રાખીને તેમનાં નામ પાછળ છુપાઈ જવાની નેતાઓની આદતનાં ચશ્માંથી જોવી પડશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ માને છે કે દિલ્હી હવે પંજાબની કટોકટીને માત્ર પ્રમુખ વરિંગની કામગીરી તરીકે નથી જોઈ રહ્યું, પરંતુ હવે વાત હાઈકમાન્ડની શાખ અને સત્તા બચાવવાની આવી ગઈ છે.

વરિંગ અને કર્રા બંને પોતપોતાના વિસ્તારોમાં પક્ષના સંગઠનને ફરીથી મજબૂત કરવાના મૂળ હેતુમાં ખરાબ રીતે નિષ્ફળ રહ્યા છે, જે કામ રાહુલ ગાંધી તેમની પાસે અપેક્ષા રાખતા હતા. પંજાબમાં ચૂંટણી નજીક હોવાથી તેનું મહત્ત્વ વધી ગયું છે, કારણ કે કોંગ્રેસ સતત ચૂંટણી હારો અને લાંબા સમયથી ચાલતી અંદરોઅંદરની લડાઈને કારણે નબળી પડી ગઈ છે. હવે આ વિવાદ વધુ વણસ્યો છે.

જો પ્રભારીઓ અને સમય અંતરે જૂથવાદ શાંત કરવા મોકલાતી સમિતિઓ દ્વારા રાહુલ ગાંધીને જમીની વાસ્તવિકતાની સાચી માહિતી આપવામાં આવે અને તેઓ પોતાના નિર્ણયની સમીક્ષા કરે, તો તેમાં શું ખોટું છે? ખોટી પદ્ધતિ કે કામ કરવાની નબળી શૈલીના કારણે જો કોઈ પ્રમુખ પક્ષને પરિણામ ન આપી શકતો હોય અને તેને પદ પરથી હટાવવામાં આવે, તો તેમાં અહમ વચ્ચે લાવવાની શું જરૂર છે?

તેથી એ જરૂરી છે કે પોતાના મનપસંદ પ્રદેશ પ્રમુખોને બચાવવા માટે AICCના કેટલાક નેતાઓ રાહુલ ગાંધીનું નામ ખરાબ ન કરે. જો કે અહેવાલો રાહુલ ગાંધીના અડગ સ્વભાવ તરફ ઈશારો કરે છે, પરંતુ તેઓ એવા નેતા નથી જે ખોટા અહમમાં આવીને પક્ષનાં હિતોને નુકસાન થવા દે.

કટોકટીમાં ફસાયેલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે કામ પાર પાડવાની કોંગ્રેસની આખી પદ્ધતિને ધરખમ રીતે બદલવાની જરૂર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, માકન સમિતિએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પંજાબના મોટા ભાગના નેતાઓ રાજા વરિંગની જગ્યાએ પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીને પ્રમુખ બનાવવાના પક્ષમાં છે.

હાલની સ્થિતિએ પંજાબમાં વરિંગ સાવ એકલા પડી ગયા છે અને તેઓ આ વિખરાયેલા પક્ષને 2027ની વિધાનસભા ચૂંટણીમાં જીત અપાવવાની સ્થિતિમાં દેખાતા નથી. પક્ષના ટોચના નેતાઓમાં સામેલ અજય માકનની પોતાની પેનલની આ ભલામણને કેન્દ્રીય નેતૃત્વે કયા સ્તરે અને શા માટે અવગણી, તે હજુ સુધી જાણી શકાયું નથી. વિદેશ પ્રવાસથી હમણાં જ પાછા ફરેલા રાહુલ ગાંધીએ આ રિપોર્ટ જોયો છે કે નહીં તે પણ એક સવાલ છે.

તે આશ્ચર્યજનક છે કે AICCના પ્રભાવશાળી જૂથે પંજાબ કોંગ્રેસના બહુમતી અભિપ્રાય ધરાવતા માકન સમિતિના અહેવાલને બાજુ પર મૂકી દીધો. ભલામણોને સંપૂર્ણપણે ફગાવીને, રાજા વરિંગને જ પ્રમુખપદે ચાલુ રાખવાની જાહેરાત કરવામાં જરાય સમય ન બગાડાયો અને ચન્ની તથા અન્ય નારાજ નેતાઓને ચૂંટણીની તૈયારી માટે અન્ય નાની-મોટી સમિતિઓના વડા બનાવી દેવાયા. વરિંગને નવું જીવનદાન આપવાનો આ પ્રયાસ એટલી જ ઝડપથી નિષ્ફળ ગયો છે જેટલી ઝડપથી આ નિર્ણય લેવાયો હતો.

આંતરિક વિખવાદ હવે એવા સ્તરે પહોંચી ગયો છે જ્યાંથી પાછા ફરવું અશક્ય છે. વરિંગને હટાવવાથી AICC અથવા રાહુલ ગાંધીની સત્તા નબળી પડશે તેવી દલીલ સાવ નકામી છે. વાસ્તવમાં, જો વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષના હિતમાં નિર્ણય લેવામાં આવે તો હાઈકમાન્ડની પકડ વધુ મજબૂત બનશે.

પંજાબ અને તેટલા જ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા જમ્મુ-કાશ્મીર જેવા કિસ્સાઓમાં કેન્દ્રીય નેતૃત્વે ઉચ્ચ સ્તરેથી નિર્ણાયક મધ્યસ્થી કરવી જોઈએ. કોઈ પણ વિલંબને કારણે કોંગ્રેસે પંજાબમાં આમ આદમી પાર્ટી (AAP) સામે પોતાની જમીન ગુમાવવી પડશે અને જમ્મુ ક્ષેત્રમાં ભાજપને તેમજ કાશ્મીર ખીણમાં નેશનલ કોન્ફરન્સ અને પીડીપી જેવા પ્રાદેશિક પક્ષોને વધુ મજબૂત થવાની તક મળશે. પંજાબ અને જમ્મુ-કાશ્મીર બંને એક જ હોડીમાં સવાર હોવાથી, પંજાબના રાજકીય ઘટનાક્રમની અસર પાડોશી જમ્મુ-કાશ્મીર પર પણ પડશે. આ અસર એટલા માટે પણ વધુ થશે કારણ કે કોંગ્રેસના જૂથબંધીના મુખ્ય નેતાઓ એવા ચરણજીત સિંહ ચન્ની અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખજિંદર સિંહ રંધાવા જમ્મુ ક્ષેત્રની સરહદને અડીને આવેલા લોકસભા મતવિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે અને જમ્મુ-કાશ્મીરની છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પણ તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**આ વિવાદનો કાયમી ઉકેલ લાવવાને બદલે કેન્દ્રીય નેતૃત્વ માત્ર કામચલાઉ સમાધાનો કરીને સંતોષ માની રહ્યું છે, જેના કારણે પરિસ્થિતિ વધુ વણસી છે**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## આજે જ શરૂ કરી દો



સોસાયટીના ગાર્ડનમાં બાંકડા પર બેસીને બે બહેનપણીઓ રિયા અને સિયા કૈંક નવું કામ કરવાનું વિચારી રહ્યાં હતાં અને તેને માટે ઘણી બધી વાતો કરી રહ્યા હતા.

બાજુના બાંકડા પર બેઠેલાં નીપામાસી તેમની પાસે આવ્યાં અને બોલ્યાં, ‘‘નવી શરૂઆત કરવી છે? સાચે કરવી છે કે માત્ર બેસીને વાતો જ કરવી છે?’’ રિયા અને સિયા તેમની સામે જોઈ રહ્યાં. નીપામાસીએ કહ્યું, ‘‘આમ મારી સામે ન જુઓ. મેં તમારી વાતો છુપાઈને સાંભળી નથી પણ બાજુના બાંકડા પર બેઠી હતી એટલે સંભળાઈ ગઈ અને તમારી વાતો સાંભળી મારાથી ન રહેવાતાં તમારી પાસે આવી છું.’’ રિયા અને સિયા હજી કંઈ ના બોલ્યાં એટલે નીપામાસીએ કહ્યું, ‘‘અરે, મને સાચે કહો તમારે નવી શરૂઆત સાચે કરવી છે કે માત્ર વાતો જ કરવી છે?’’ સિયા બોલી, ‘‘અરે ના માસી, સાચે જ કરવી છે. મારી પાસે પ્રોજેક્ટ પ્લાન પણ બની ગયો છે.પૈસા બચાવવાના શરૂ કરી દીધા છે.’’ રિયા બોલી, ‘‘બસ છ મહિનામાં પૈસા ભેગા થઈ જશે અને છોકરાઓની પરીક્ષા પણ પૂરી થશે પછી વિચાર છે કે વેકેશનમાં જગ્યા ગોતી શરૂ કરીશું.’’ નીપામાસીએ કહ્યું, ‘‘તો તો કદાચ તમારું કામ ક્યારેય શરૂ નહિ થાય...’’ રિયા અને સિયાએ કહ્યું, ‘‘કેમ આમ કહો છો માસી? અમારે નવું કામ શરૂ કરવું જ છે એટલે તો કેટલા મહિનાઓથી બધું બરાબર પ્લાનિંગ કરી રહ્યાં છીએ.’’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

નીપામાસીએ કહ્યું, ‘‘એટલે જ કહું છું અને મારા અનુભવ પરથી કહું છું કે પરફેક્ટ પ્લાનિંગની રાહ જોતા રહેશો તો ક્યારેય શરૂ જ નહિ કરી શકો...’’ સિયાએ કહ્યું, ‘‘માસી, અમારું પ્લાનિંગ બરાબર દિશામાં છે..’’ માસી બોલ્યાં, ‘‘મારા અનુભવ પરથી કહું છું. મારે પણ કામ શરૂ કરવું હતું. પ્લાનિંગ કરતી રહી અને બધું પરફેક્ટ કરતાં કરતાં એટલું મોડું થઈ ગયું કે નવું કામ શરૂ થયું જ નહિ કારણ બધું પરફેક્ટ ક્યારેય હોતું જ નથી અને પરફેક્ટ અને પ્રોપર પ્લાનિંગમાં માત્ર પ્લાનિંગ કરતાં રહી જવાય છે એટલે હું તમને કહું છું આજથી જ પ્લાનિંગ મૂકો પડતું અને આજથી જ શરૂઆત કરી દો.’’ રિયાએ કહ્યું, ‘‘માસી, એમ કઈ રીતે શરૂઆત કરીએ, બરાબર શરૂ નહિ કરીએ અને ફેલ જશું તો ...’’ માસીએ કહ્યું, ‘‘રિયા અને સિયા, તમારી વાતો પરથી મને ખબર પડી છે કે ઘણી તૈયારી તમે કરી છે તો તમારી પાસે જે છે તેમાંથી આજથી જ ઘરેથી શરૂઆત કરો... સાથે સાથે બાકીની તૈયારી કરતા જાવ ... કામ કામને શીખવાડશે એટલે જે અત્યારે નથી આવડતું કે નથી ખબર તે પણ આવડી જશે ...રોજ થોડા થોડા આગળ વધો અને જો સતત મહેનત એકસરખી કરશો તો ચોક્કસ સફળ થશો.તમને પરફેક્ટ પ્લાનિંગની જરૂર કરતાં વધારે શરૂઆત કરી સતત મહેનત કરવાની જરૂર છે.’’

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ‘અક્ષરની આરાધના’નો નોખો-અનોખો આસ્વાદ

‘ગુજરાતમિત્ર’ની સોમવારની ‘અક્ષરની આરાધના’નો નોખો-અનોખો આસ્વાદ પસંદ પડ્યો છે. એક જમાનામાં સાહિત્યપ્રેમ હોવાને નાતે આ વિભાગ અમારા જેવા માટે મૂલ્યવાન રહ્યો છે. સંપાદક ‘બકુલ ટેલર’ સાહેબે એની સુંદર સજાવટ સાથે એની શોભા વધારી જાણી છે. કેટલાંય વર્ષો પછી આ વિભાગમાં એક જમાનાની નાટ્ય અભિનેત્રી ‘સંતુ રંગીલી’ની તસ્વીર સાથે દુર્લભ કવિતા પ્રકટ કરીને અમારું મન મોહી લીધું છે. સરિતા જોશીની યાદ તાજી કરી. એની આટલી લાંબી કવિતા વાંચીને મન પ્રસન્ન થઈ ગયું. જાણીતા વિવેચક શિરીષ પંચાલના ‘આયના’ના કથાકથન પણ લેખકે બખૂબી રીતે પ્રકટ કર્યા છે. એ સાથે વાચકો માટે ‘હું પૂછું તમે કહો’ એની શૈલીનો ટેસ્ટ પણ કરાવી લીધો છે. સવાલ જવાબ પ્રકટ કર્યા છે. ‘યે કોઠોવાલી માં’ અને ‘આદિવાસી વિશેષ’ જેવી નોખી અનોખી અદાના લેખ પણ વાંચવાલાયક બન્યા છે. ગુર્જર ભારતવાસી વાંચશો તો ગમશે. તવારીખની તેજછાયા જેવું ઘણું બધું લેખકે પીરસીને અમારી ભૂખ સંતોષી છે. ‘અક્ષરની આરાધના’ સાચા અર્થમાં સફળ પુરવાર થઈ છે. સોમવારની સવાર સુધરી ગઈ છે. દર સોમવારનો ઈન્તઝાર રહેશે. નવી નવી વાનગી પીરસતા રહેજો.

**સુરત - જગદીશ પાનવાળા**

## 20 વર્ષ પછી સુરત ફરીથી પૂરનાં પાણીમાં ડૂબ્યું

2006 માં ઉકાઈથી છોડવામાં આવેલાં પાણીને લીધે સુરતમાં પૂર આવ્યું હતું. જ્યારે 2026 માં સુરતમાં વધુ વરસાદ પડવાને કારણે પૂર આવ્યું. કારણ ગમે તે હોય, પ્રજાની માલ મિલકતને કરોડો રૂપિયાનું નુકસાન થયું. 2006 ના પૂરનાં 20 વર્ષ પછી પણ સત્તાવાળાઓએ કમિટીઓ બનાવવાની રિપોર્ટ બનાવવાના અને સર્વે કરાવવાનાં કામો સિવાય ધરાતલ પર કોઈ કાર્યવાહી થઈ હોય તેવું જોવા મળતું નથી. આખા શહેરનું વરસાદનું પાણી સ્ટોર્મ વોટર ડરેઈન દ્વારા કિલોમીટરો દૂર તાપી નદીમાં નાખવામાં આવી રહ્યું છે. વોટર રિચાર્જિંગના નામે અત્યારે નવા વિસ્તારોમાં રસ્તા પર રિચાર્જિંગ બોરિંગ કરવામાં આવી રહ્યા છે. પરંતુ તે કેટલે અંશે સફળ થશે તે પ્રશ્ન છે. આવા નાના નાના રિચાર્જિંગ બોરિંગ બનાવવાની જગ્યાએ શહેરમાં આવેલી મ્યુનિસિપલ તથા અન્ય સ્કૂલો, કોમ્યુનિટી હોલ જેવી જગ્યાઓએ 10 15 ફૂટ ડાયામીટરના મોટા કૂવા બનાવીને નજીકની સ્ટોર્મ વોટર લાઈનને તેમાં ડાયવર્ટ કરીને જો વરસાદી પાણીના રિચાર્જિંગ કૂવા બનાવવામાં આવે તો કંઈક અંશે ફાયદો થાય. અત્યારે જ શહેરની મોટા ભાગની સ્ટોર્મ વોટર ડરેઈન જે કોઝવે ની હેઠવાસમાં ખુલે છે તે નવો કન્વેન્શનલ બેરેજ બન્યા પછી સબમર્જ થઈ જશે. ત્યારે શહેરની પુરી સ્ટ્રોમ વોટર ડ્રેઇનને ફરીથી રી ડિઝાઇન કરવી પડશે. તો ત્યારે જો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો વરસાદી પૂરની સમસ્યાનો કંઈક અંશે ઉકેલ લાવી શકાય.

**સુરત - ડૉ. હેમંત પટેલ**

## સ્માર્ટ સિટીના દાવા વચ્ચે દર વર્ષે પાણીમાં ગરકાવ સુરત

સુરત શહેરમાં ભારે વરસાદ અને ખાડીપૂરની સ્થિતિએ હજારો પરિવારોનું જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. અનેક વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં વાહનો, ઘરવખરી અને મિલકતોને નુકસાન થયું છે, જ્યારે નાનાં બાળકો, વૃદ્ધો અને દર્દીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી વિકટ પરિસ્થિતિમાં નાગરિકોમાં એક જ પ્રશ્ન ઊઠી રહ્યો છે કે વર્ષોથી સ્માર્ટ સિટી, આધુનિક ડ્રેનેજ અને વિકાસના દાવાઓ છતાં દર ચોમાસે સુરત પાણીમાં કેમ ગરકાવ થઈ જાય છે? નાગરિકોમાં એવી પણ વ્યાપક લાગણી છે કે કુદરતી પાણીના માર્ગો પર થયેલા અનિયંત્રિત વિકાસ, ગેરકાયદે બાંધકામો અને અપૂરતા શહેરી આયોજનને કારણે પૂર જેવી સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. જો આ મુદ્દાઓ પર કડક અને સતત કાર્યવાહી નહીં થાય, તો ભવિષ્યમાં પણ આવી પરિસ્થિતિ ફરી સર્જાઈ શકે છે. સુરતનાં નાગરિકો તરીકે હવે સમય આવી ગયો છે કે આપણે જવાબદારીપૂર્વક પ્રશ્નો પૂછીએ, શહેરી આયોજનમાં પારદર્શિતા માંગીએ અને આપત્તિવ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા માટે રચનાત્મક સહભાગિતા અને જનજાગૃતિ ઊભી કરીએ. સુરક્ષિત, સુવ્યવસ્થિત અને જવાબદાર સુરતનું નિર્માણ સરકાર, વહીવટી તંત્ર, જનપ્રતિનિધિઓ અને નાગરિકો–સૌની સંયુક્ત જવાબદારી છે.

**સુરત - આશિષ ટેલર**

## ઓનલાઈન નહીં, આ વખતે સ્થાનિક વેપારીનો હાથ પકડીએ

સુરતમાં પડેલા ભારે વરસાદે અનેક વેપારીઓની વર્ષોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. મોબાઈલ, કરિયાણા, હેન્ડલૂમ, કમ્પ્યુટર, કપડાં, સ્ટેશનરી તેમજ નાની-મોટી અનેક દુકાનોમાં લાખો રૂપિયાનું નુકસાન થયું છે. અનેક વેપારીઓનો માલ બગડી ગયો છે અને રોજગાર પર પણ સીધી અસર પડી છે.આવી વિકટ પરિસ્થિતિમાં સુરતના દરેક નાગરિકની સામાજિક જવાબદારી બને છે કે તેઓ પોતાના વિસ્તારના નાના અને મધ્યમ વેપારીઓને પ્રાથમિકતા આપે. માત્ર થોડા રૂપિયા બચાવવા માટે સતત ઓનલાઈન ખરીદી કરવાને બદલે સ્થાનિક બજારમાંથી ખરીદી કરવામાં આવે તો અનેક પરિવારોને ફરી ઊભા થવાની શક્તિ મળશે. સ્થાનિક વેપારી પાસેથી ખરીદી કરવાથી માત્ર એક દુકાનને જ નહીં, પરંતુ તેની સાથે જોડાયેલાં કર્મચારીઓ, પરિવહન વ્યવસાય, નાના ઉત્પાદકો અને સમગ્ર સ્થાનિક અર્થતંત્રને પણ સહારો મળે છે. આજે આપણી એક ખરીદી કોઈ વેપારી માટે નવી આશાનું કિરણ બની શકે છે.આ મુશ્કેલ સમય છે, પરંતુ સમાજનો સહયોગ વેપારીઓ માટે સૌથી મોટી શક્તિ બની શકે છે. આજે આપણે સ્થાનિક વેપારીઓનો હાથ પકડીશું તો આવતી કાલે તેઓ ફરી શહેરના વિકાસમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપી શકશે.

**સુરત - સંદીપ માંગુકિયા**

## કવિતા સંમેલનો અને કવિતા-પ્રેમીઓ

સુરતમાં આવેલ સંસ્કાર ભારતી વિદ્યાલયના ઓડિટોરિયમમાં મોટે ભાગે કવિતાપ્રેમીઓ માટે કવિતા સંમેલનનું આયોજન રવિવારના રોજ સાંજે સાડા આઠથી અગિયાર વાગ્યા સુધી થયું હોય છે.તેમાં પ્રવેશ ફ્રી માં આપવામાં આવે છે.આ વાતની ઘણા કવિતા અને સાહિત્યપ્રેમીઓને ખબર નહીં હોય.મને પણ મોડી ખબર પડેલી. આ કવિ સંમેલનમાં સુરતનાં કવિઓ ઉપરાંત બહારના કવિઓ પણ આવે છે.આ કવિઓ તેમની કવિતા અને ગઝલો દ્વારા શ્રોતાઓના દિલ જીતી લે છે.આનંદના જુદા જુદા પ્રકાર હોય છે તેમાં કવિતાનો આનંદ એ વિશિષ્ટ અને શુધ્ધ આનંદ છે.કવિની રચનામાંથી કવિનું જ્ઞાન છતું થાય છે.આપણા સુરતના કવિ શ્રી મુકુલ ચોક્સી સાહેબ અને રઈશ મનીયાર સાહેબ ત્યાં હાજર હોય છે.તે સાથે ગુજરાતના જુદા જુદા સ્થળેથી આવતા કવિઓને પણ આપણે ઓળખી શકીએ છીએ. તકલીફની વાત એ છે કે આ કવિ સંમેલનની ઈન્સ્ટ્રાગ્રામ પર જાહેરાત મુકાય છે પણ ક્યારેક મોડી ખબર પડે છે, તો થોડી વહેલી જાહેરાત થાય એવી મારી રજૂઆત છે અને સમય જો સાડા આઠને બદલે સાડા પાંચ રાખવામાં આવે તો સુરતના દૂરના વિસ્તારમાંથી આવનારને પરત જવા વાહન મળી રહે. ઘણાં લોકોને મેં વાત કરતા સાંભળ્યા છે કે કવિતામાં તો અમને પણ રસ છે પરંતુ રાત્રે પરત આવવાનું મોડું થાય તે ફાવે તેમ નથી.તો આયોજકોને મારી એટલી રજૂઆત છે કે શક્ય હોય તો સમય વહેલો રાખે જેથી કવિતાપ્રેમીઓ કવિતાથી વંચિત ન રહે.

**સુરત - પ્રવીણ પરમાર**